(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

જય સમાજ... મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપવાનું ભગીરથ કાર્ય દાતાશ્રીઓના ઉદાર સહયોગથી આ સમિતિ કરી રહી છે. નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં આ સમિતિ દ્વારા **ભારતભરના વિવિધ ઘટકોના ૭૩ જેટલા છાત્રોના આવેદન મંજુર કરી કુલ રૂા. ૮,૦૦,૦૦૦ (આઠ લાખ) જેટલી શિક્ષણ સહાયનું વિતરણ કરવામાં આવેલ છે.** શિક્ષણ સહાય રૂપી જ્યોતને જલતી રાખવા સમાજના ઉદારદિલ દાતાશ્રીઓ પોતાનું યથાઘટિત દાન આપી 'અભિલાષા' સમિતિને મદદરૂપ થાય તેવી વિનમ્ર અપીલ કરવામાં આવે છે.



દાનદાતાશ્રીઓના ક્રમમાં આપણે આભાર માનીશું આપણા સમાજની ઉર્જાવાન સમાજસેવી જોડી... **મહાસભાના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ – રાયપુર તથા તેમના જીવનસંગીની સૌ. ભાવનાબેન વરૂનો...** જેમના તરફથી તેમના લગ્ન દિવસની ખુશાલી (તા. ૨૭-૪-૨૦૨૬) શુભ અવસરે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણસ સહાય માટે **રૂા. ૫૦૦૦**નું દાન પ્રાપ્ત થયેલ છે. પોતાની દરેક મેરેજ એનિવર્સરીએ અભિલાષા સમિતિને દાન આપનાર આ સેવા ભાવી દંપતિનો આભાર... શુભકામના...

આપણે જાણીએ છીએ તેમ, પરિણામો આવ્યા બાદ શાળા-કોલેજો ખુલી રહી છે. ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવનાર આર્થિક રીતે નબળા છાત્રો પાસેથી શિક્ષણ સહાય મેળવવા માટેની અરજીઓ આ સમિતિને મળવાની છે. અત્રે મળતી આ અરજીઓને સ્વીકત કરવાનો મુખ્ય આધાર ઘટક પ્રમુખશ્રીની ભલામણ ઉપર રાખવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે ઘણા ઘટક પ્રમુખો પુરતો અભ્યાસ કર્યા વિના કે તેમને ભરવાની થતી વિગતો ભર્યા વગર માત્ર સહી કરીને અરજદારને આપી દે છે. આવી બેદરકારીથી તેમનું પોતાનું જ ખરાબ લાવે છે. માટે હવે પછી ઘટક પ્રમુખશ્રીઓ પુરતી કાળજી રાખશે તેવી આશા રાખવામાં આવે છે. સાથે સાથે, ઘણા ઘટક પ્રમુખશ્રીઓ પુરતી ખરાઇ કરી પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે આવેદનમાં સહી કરી આપે છે તે પ્રસંશનિય વાત છે.

અગાઉ વખતો-વખત વિનંતી કર્યા મુજબ જે છાત્રો ભૂતકાળમાં આ સમિતિ પાસેથી શિક્ષણ સહાય મેળવી સારો એવો પગાર કે કમાણી કરતા થયા છે, તેઓ ડોનેશન રૂપે આ સમિતિને પરત કરે તો તેમના જેવા અન્ય જરૂરતમંદ છાત્રોને આપણે વધુ સારી મદદ કરી શકીએ. **આ કાર્યમાં ઘટક પ્રમુખશ્રીઓની સેવાને જોડતાં જે ઘટક પ્રમુખશ્રીઓ પ્રયાસ કરી પૂર્વમાં શિક્ષણ સહાય મેળવનાર છાત્રોનો સંપર્ક કરી તેમને સમજાવી રૂા. ૨૫,૦૦૦ કે તેથી વધુ દાન રાશી મેળવી આપશે તેમને મહાસભાના મંચથી ત્રિ–વાર્ષિક અધિવેશન સમયે મહાસભાના આદ. પ્રમુખશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવશે.**

ગત માસના અનુદાનની નોંધ લઇએ તો મહાસભાના આદ. પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી** તરફથી માસિક અનુદાન રૂપે માનસ મે/૨૬ના રૂા. ૧૧,૦૦૦ પ્રાપ્ત થયેલ છે. તેમજ અન્ય માસિક દાનદાતાશ્રીરૂપે કચ્છ પ્રાદેશિક પ્રમુખ **શ્રી બાબુભાઇ ચૌહાણ** તરફથી મે/માસ ના દાન પેટે રૂા. ૨૧૦૦ પ્રાપ્ત થયેલ છે. આભાર... જય સમાજ... જય સીયારામ...

– વિનોદ એલ. ચૌહાણ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**


**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪


ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત આયોજીત ૨૫મો પ્રોજેક્ટ તા. ૧૫-૦૫-૨૦૨૬નારોજ ગુજરાત પ્રાદેશિક અંતર્ગત આવતા અમદાવાદ ઘટકના શેફ **શ્રીમતી જયશ્રીબેન ચૌહાણ** દ્વારા ઓનલાઇન બહેનોની બહોળી ઉપસ્થિતિમાં ખુબજ સફળતાપૂર્વક લેવામાં આવેલ.




શ્રીમતી જયશ્રીબેન દુર્ગેશભાઇ ચૌહાણએ અમદાવાદના શ્રીમતી કાન્તાબેન કાનજીભાઇ ચૌહાણના પુત્રવધુ તથા સંબલપુરના શ્રીમતી નિર્મલાબેન નરભેરામભાઇના સુપુત્રી છે. જયશ્રીબેનને નાનપણથી જ ક્રિએટિવ વર્ક ખુબજ ગમતો વિષય હતો. લગ્ન પછી ઘરના વડીલોની જીમ્મેદારી તથા છોકરાઓના ભણતર સામે સમયના અભાવમાં શોખ... શોખમાં જ રહી ગયો હતો. પણ જિમ્મેદારીથી મુક્ત થયા પછી પોતાના અંદરની કળા અને શોખમાં આગળ વધવાનું નક્કી કર્યું. તેઓએ સૌ પ્રથમ ન્યુઝપેપરમાં એક કુકીંગ કોમ્પિટીશન સુપર શેફ લેવલની જાહેરાત જોઇને તેમાં ભાગ લેવાનું નક્કી કર્યું. અનુભવ હોવા છતાં ઉંચી લેવલની કોમ્પિટીશનમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપીને જીત હાંસલ કરી હતી. બસ આજ તેમના જીવનનો ટર્નિંગ પોઇન્ટ હતો. તેના પછી તેઓએ સાડા ત્રણ સો કોમ્પિટીશન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ઓનલાઇન તથા ઓફલાઇનને ઘણી બધી ઇનામોના ટાઇટલ તેઓ પોતાના નામે કરી લીધા હતા. અત્યારે તેઓ અમદાવાદના એ.એમ.એ. જેવા મોટા સંસ્થામાં કુકીંગના વર્કશોપ લે છે તથા ઘરેથી ઇનોવેટીવ મુખવાસનું બિઝનેસ કરે છે જેની માંગ વિદેશમાં વધારે છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના પાછલા સત્રમાં ૪૦ જેટલા ખુબજ સફળ પ્રોજેક્ટ લીધા હતા અને આ સત્રમાં મારૂ આ ૨૫મું પ્રોજેક્ટ હતું. મિલેટ મંત્ર જેમાં દેશભરના જુદી-જુદી જગ્યાના મહિલાઓએ જોડાઇને આ પ્રોજેક્ટનો લાભ લઇ પ્રોજેક્ટને સફળ બનાવ્યું હતું. પ્રોજેક્ટમાં જયશ્રીબેને મિલેટ કેમ ખાવું જોઇએ... તે કેવી રીતે બનાવવું, તેની જુદી જુદી વાનગી ઘણી બધી નાની-નાની સરસ ટીપ્સ આપીને સરળ રીતે બધું સમજાવ્યું હતું. તેમાં મિલેટ ફુલકા... રાગી મુદ્દે, મીલેટ આંબીલ, Barnyard Millet, Porridge (Foxtail Millet), Quinoa Salad, અને Millat Dessert જેવી સ્વાસ્થ્યવર્ધક રેસીપી શીખવાડી હતી. હાલની પરિસ્થિતિમાં લોકો મીલેટ તરફ ખુબજ વળ્યા છે અને મીલેટ પ્લેટરના ઓર્ડર ખુબજ ચલણમાં હોવાથી આ ઓર્ડર કેવી રીતે બનાવી અને વેચાણ કરી શકો છો તેનું સરસ માર્ગદર્શન આપ્યું હતું.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ પરિવાર ગૌરવ સાથે સમાજ ગૌરવ એવા શ્રીમતી શેફ જયશ્રીબેન ચૌહાણ જેવા સર્વગુણ સંપન્ન, બહુમુખી પ્રતિભા ધરાવતા રસોઇ કલામાં નિષ્ણાંત, નિપુણતા ધરાવતા ખુબજ પ્રેમાળ, લાગણીશીલ, મધુરભાષી, સમાજસેવાની ઉપયોગી ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા, મહિલા ઉત્કર્ષ સમિતિ માટે ૩-૩ ઉપયોગી પ્રોજેક્ટ આપવા માટે શ્રીમતી જયશ્રીબેનને હૃદયથી સેલ્યુટ આપી શબ્દસુમનોથી બિરદાવી અભિનંદન આપી તેમના ઉજ્વલ ભવિષ્યની મંગલમય શુભકામનાઓ સાથે જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

श्री કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧



**॥ અન્નદાન મહાદાન ॥**

પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮



Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

## ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુ:ખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુ:ખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિ:શુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી'

સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઈ કરસનભાઈ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઈ રામજીભાઈ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

## ''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

| | |
|---|---|
| ૧૨,૦૦૦ | નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૨૪,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧,૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (શુભેચ્છા સહયોગ)(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર - મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર - અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ - અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ - પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ - મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૬,૩૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧,૫૦૦ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ |
| ૧૨,૦૦૦ | માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) - દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## કચ્છ પ્રાદેશિક સમિતિ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા મેરેજ બ્યુરો સમિતિ પ્રેરિત, કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિના સહકારથી કચ્છ પ્રાદેશિક સમિતિ દ્વારા તા. ૧૯-૦૪-૨૦૨૬ના રોજ યક્ષ મંદિર, માધાપર મુકામે કચ્છ પ્રાદેશિક અંતર્ગતના સગપણલાયક પાત્રો માટેનું ''મંગલ પરિચય સંમેલન-૨૦૨૬'' યોજવામાં આવેલ હતું. જેમાં ૨૮૦ જેટલા સગપણલાયક પાત્રોએ ભાગ લીધો હતો.


મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના મુખ્ય સહયોગથી આયોજીત આ પરિચય મિલનનું તેમની સાથે પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખો બ્ર.કુ. બાબુભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી ભોગીલાલભાઇ ચાવડા, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડીયાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર, શ્રીમતી નીતાબેન સોલંકી, મેરેજ બ્યુરો સમિતિ પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, અખિલ ભારતીય મહિલા મહામંડળના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, ઉપપ્રમુખ શ્રીમતી દિપીકાબેન ચાવડા, પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું.


''જોડાશે પાત્રો.... જોડાશે સમાજ'' સાથેના શુભ ઉદ્દેશથી આયોજીત આ પરિચય સંમેલનમાં કુમાર-કુમારિકાઓ અને તેમના વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રજીસ્ટ્રેશન કરાવી પોતાનું સ્થાન લીધું હતું. મહામંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણે સૌનું સ્વાગત કરી કાર્યક્રમ આગળ વધાર્યો હતો.

પ્રાસંગીક પ્રવચનમાં મેરેજ બ્યુરો પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકીએ સમાજની આ અતિ મહત્વની સમસ્યાના નિવારણ માટે મહાસભા તરફથી થતા પ્રયાસોની જાણકારી આપી દ્વારકા મુકામે આયોજીત રાષ્ટ્રીય સ્તરના સગપણ સંમેલનમાં સામેલ થવા અનુરોધ કરેલ હતો. મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણે સંપર્ક સારથી ભાઇઓ અને બહેનોના સહયોગથી ગાંધીધામ મુકામે આયોજીત ભવ્ય સગપણ સંમેલન તથા આજના પરિચય સંમેલન ઉપરાંત પ્રાદેશિક સ્તરે થનાર આગામી આયોજનોની જાણકારી આપી હતી.

પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણે સમાજની આ સળગતી સમસ્યાના નિવારણ માટે મહાસભા દ્વારા થતા પ્રયાસોમાં સહભાગી થવા માટે કચ્છ પ્રાદેશિક સ્તરે થનાર વિવિધ આયોજનોની ભૂમિકા સમજાવી હતી. આજના આયોજનમાં મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી મળેલ આર્થિક સહયોગ અને પાત્ર પરિચયની પી.પી.ટી. તૈયાર કરી આપનાર યુવા ટીમનો આભાર માનેલ હતો.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ તેમના પ્રેરક ઉદ્બોધનમાં માનવ જીવનને કુદરતની અમુલ્ય ભેટ ગણાવી જીવનસાથીની શોધમાં સમાધાનની ભૂમિકા સાથે હકારાત્મક વિચારો અને ગુણોને ધ્યાનમાં લેવા શિખ આપી હતી. બે પાત્રો



વચ્ચેના જોડાણને બે પરિવારોનું જોડણ બનાવી દરેક પાત્રો સફળ થાય તેવી શુભેચ્છા અને આશીર્વાદ આપેલ હતા.

ત્યાર બાદ મંગલ પરિચય સંમેલના પ્રારંભમાં મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકીએ સંમેલનમાં ઉપસ્થિત સગપણલાયક પાત્રોને સમજુતી આપી હતી. સાંસારિક જીવનમાં સુવિધાઓના આનંદ કરતા સત્તચિત્તાનંદને વધુ મહત્વ આપી પરસ્પર સમજુતીનો ભાવ ઉભો કરી જીવન જીવવા અનુરોધ કરેલ હતો. એક સમયે ઘરબેઠા યોગ્ય પાત્રો મળી જતાં અને આજે આપણે પાત્રોના મિલન માટે ખાસ મંચ ઉભા કરવા પડે છે તેનું રસપ્રદ વિશ્લેષણ કરેલ હતું.

ત્યાર બાદ શરૂ થયેલા પાત્ર પરિચયમાં ઉપસ્થિત પાત્રોએ સ્વેચ્છાથી વાલીઓ સાથે મંચ ઉપર આવી પોતાનો પરિચય આપેલ હતો તેમજ પોતાના શોખ, પારિવારરિક વ્યવસ્થા, જીવન સાથી પ્રત્યેની અપેક્ષાનું વિવરણ પણ કરેલ હતું. પાત્ર પરિચય સેશનનું સંચાલન કુ. ઝીલ વિનોદભાઇ ચૌહાણ તથા કુ. રિંકલ વિનોદભાઇ ખોડિયારે કરેલ હતું ભોજન અવકાશ બાદ વિવિધ પ્રકારની ગેમ્સ, ક્વીઝ અને વાર્તાલાપ દ્વારા પાત્રો એકબીજાનો પરિચય કેળવી શકે તેવું આયોજન કરવામાં આવેલ. જેનું સંચાલન શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા તેમની ટીમે કરેલ હતું. આ પ્રસંગે મંગલ પરિચય સંમેલનના મુખ્ય પ્રાયોજક દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તથા શ્રીમતી નીતાબેન સોલંકીનું કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ અને તેમની ટીમ દ્વારા સેવા સન્માન કરવામાં આવેલ હતું તેમજ ડીજીટલ કામ માટે સેવા આપનાર યુવાઓની ટીમના સાહિલ સોલંકી, ભાર્ગવ ચૌહાણ, દુલારી ચૌહાણનું વિશેષ સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રાદેશિક હોદ્દેદારો શ્રી અનિલભાઇ ચૌહાણ, શ્રી રમેશભાઇ ચૌહાણ, શ્રી કમલેશભાઇ પરમાર, શ્રી મહેન્દ્રભાઇ વરૂ, શ્રી રાજેશભાઇ ટાંક, શ્રી વિજયભાઇ સોલંકી, શ્રી રાકેશભાઇ ટાંક, સામાજીક અગ્રણીઓ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ તથા શ્રી કેતનભાઇ ચૌહાણે સહયોગ આપેલ હતો. કચ્છ પ્રાદેશિક અંતર્ગતના સંપર્ક સારથી બહેનોએ રજીસ્ટ્રેશન અને પાત્ર સંપર્કની ખુબજ સુંદર વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રસંગે મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા, મંત્રી શ્રી ભગવાનજીભાઇ રાઠોડ, મહિલા પ્રાદેશિકના ચેરપર્સન શ્રીમતી ઇલાબેન ચાવડા, મહામંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ, તારાબેન ટાંક, સંગીતાબેન રાઠોડ, પ્રતિમાબેન પરમાર, શોભનાબેન ટાંક, સલાહકાર શ્રીમતી અનસુયાબેન પરમારે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન મહામંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણ તથા મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણે કરેલ હતું.

## રાયપુર ઘટક



રાયપુર ઘટક દ્વારા તા. ૦૬.૦૧.૨૦૨૬ થી ૧૧.૦૧.૨૦૨૬ સુધી અયોધ્યાધામ અને કાશી વિશ્વનાથ બનારસનાં દર્શન માટે ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજનાં ૬૭ ભાઈઓ અને બહેનોએ લાભ લીધો. આ યાત્રા ઘટકના કાર્યકારી સભ્યશ્રી ધર્મેન્દ્રભાઈ ચાવડા, મહેશભાઇ રાઠોડ અને અખિલભાઇ રાઠોડ સાથે હિતેશભાઈ જેઠવા ના નેતૃત્વમાં કરવામાં આવેલ હતી.

૨૬ જાન્યુઆરીના દિવસે રાયપુર સમાજ ભવનમાં ધ્વજારોહણનું કાર્યક્રમ કરવામાં આવેલ. ઘટક પ્રમુખ હેમંતભાઈ ગોહિલ, યુવા મંડળ પ્રમુખ ચેતનભાઈ પરમાર અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મનીષાબેન સોલંકી અને ગૌરવમાન સમાજજનો ઉપસ્થિત હતા. કાર્યક્રમ પશ્ચાત સ્વલ્પાહારનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

રાયપુર ઘટક દ્વારા દર મહિનાના અંતિમ શનિવારનાં શ્રી હનુમાન ચાલીસાનું પાઠ કરવામાં આવે છે. જેમાં સમાજનાં ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહી ધાર્મિક અનુષ્ઠાનનો લાભ લે છે. આ આયોજન યજમાનના સહયોગથી અનવરત ચાલુ છે. આવી જ રીતે દર મહિનાના બીજા મંગળવારે સુંદરકાંડનો પાઠ યજમાનોના સહયોગથી કરવામાં આવે છે.

રાયપુર ઘટક દ્વારા તા. ૩૧.૦૧.૨૦૨૬ ના એક વિશાળ એક્યુપ્રેશર અને ફિઝિયોથેરાપીનું નિઃશુલ્ક શિબિર આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષજ્ઞ દુર્ગના શ્રી સંતોષ



મરકામજીએ દર્દીઓને સેવા આપી હતી. ખાસ કરી મુકેશભાઈ ચૌહાણ અને એક્યુપ્રેશર ટીમે સાથે સેવા આપેલ. તા. ૦૮.૦૨.૨૦૨૬ ના નિઃશુલ્ક એલોપેથીક સ્વાસ્થ્ય શિબિરનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં સમાજનાં અને ઠીગર સમાજના દર્દીઓએ તપાસ કરાવી લાભ લીધો. આ શિબિર મેડિકલ હોસ્પિટલનાં અંતર્ગત કરવામાં આવેલ જેમાં આનંદભાઈ ચૌહાણનો સહયોગ પૂર્ણ રૂપે મળેલ.

રાયપુર મહિલા મંડળ દ્વારા બહેનો માટે કેન્સર અવેરનેસ અને તપાસ શિબિરનું આયોજન કરેલ. તેમાં પણ મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો. આ શિબિર શ્રીમતી ડો. પ્રીતિબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

રાયપુર ઘટક દ્વારા સમાજમાં પહેલીવાર માતાજીના નવચંડી પાઠ અને પંચકુંડીય યજ્ઞ નું વિશાળ આયોજન કરવામાં આવેલ. આ આયોજન સિનોગ્રા-કચ્છ થી પધારેલ બ્રાહ્મણો પૂજ્ય શ્રી બલરામભાઇ મહેતા, ભાઇ આચાર્ય શ્રી કપિલભાઈ મહેતાનાં માર્ગદર્શનમાં શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવેલ. આ યજ્ઞમાં યજમાનોના રૂપે ૧૧ જોડકાઓએ પૂજન વિધિ સંપન્ન કરી. ૨ દિવસનું આયોજન તા. ૧૪.૦૩.૨૦૨૬ થી ૧૫.૦૩.૨૦૨૬ સુધી કરાયેલ, જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ અનુષ્ઠાન અને યજ્ઞમાં પોતાની આહુતિ આપી. માતાજીના આશીર્વાદ હર્ષોલ્લાસ પૂર્વક પ્રાપ્ત કરેલ હતાં. આ આયોજન સમાજનાં ધાર્મિક પરિવારોનાં અધિક સહયોગથી સંપન્ન થયેલ. ઘટકની કારોબારી કમિટી, ધાર્મિક પ્રકોષ્ઠ સાથે મહિલા મંડળ, યુવા મંડળ અને સેવા સમિતિના પદાધિકારીઓનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો. ઘટક સર્વે સહયોગીઓનો આભાર વ્યક્ત કરે છે. વિશેષ રૂપે કચ્છ થી પધારેલ ૧૧ બ્રાહ્મણોની ટીમનો આભાર જેમનાં માર્ગદર્શન માં આટલું વિશાળ યજ્ઞ સંપન્ન થયેલ.

મહાસભા પ્રેરિત જગન્નાથપુરીધામ, ઓડિશામાં પ્રાદેશિક આયોજન અને રાયપુર ઘટક દ્વારા સહકારિત શ્રી સમુહ ભાગવત કથા, મહાસભાનું વાર્ષિક અધિવેશન અને વિરાટ સગપણા સમ્મેલન મોટા પાયે નિર્વિઘ્ન સંપન્ન થયેલ. ટીમ રાયપુર ઘટક જગન્નાથપુરી જઈને ઓડિશા પ્રાદેશિકના ભાઈઓ-બહેનોના સહયોગે વિશાળ આયોજન કરેલ હતું. ભાગવત કથાનાં સર્વે યજમાન પરિવારો, મહાસભાના સર્વે પદાધિકારીઓ, ઓડિશા પ્રાદેશિક સમિતિના સર્વે ઘટકો સાથે ટીમ રાયપુર ઘટકનાં ભાઈઓ-બહેનોનો ખૂબ-ખૂબ આભાર. આપના સહયોગથી જગન્નાથ ભગવાનનાં ધામમાં ભવ્ય આયોજન નિર્વિઘ્ન રૂપે કરવામાં સફળ થયા.

તા. ૨૭.૦૩.૨૦૨૬ ના શ્રી રામનવમીનું આયોજન સમાજ ભવનનાં મંદિરમાં પૂજન અર્ચના કરી પ્રસાદ વિતરણ કરવામાં આવેલ. તા. ૦૨.૦૪.૨૦૨૬ ના શ્રી હનુમાન જન્મોત્સવનો ભવ્ય આયોજન સુંદરકાંડ અને હનુમાન ચાલીસાનું પાઠ સાથે કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં સમાજજનો હાજર રહી મહાપ્રસાદ ગ્રહણ કરી હનુમાનજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ઘટકના ધાર્મિક આયોજનનાં ધાર્મિક પ્રકોષ્ઠના પ્રભારી શ્રી વિજયભાઈ વરૂ અને સહ પ્રભારી શ્રી તરુણભાઈએ કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.

## માધાપર ઘટક

માધાપર ઘટક અને શ્રી દુર્ગેશભાઇ અમરશીભાઇ ચૌહાણ તથા અ.સૌ. ઉર્વી હર્ષલ ચાવડાના શુભ જન્મ દિવસ નિમિત્તે સુંદરકાંડ પાઠનું ભાવમય આયોજન શ્ર કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર મધ્યે કરવામાં આવેલ હતું. ઘટક દ્વારા શિવમહાપુરાણ કથામાં લેવાયેલ સંકલ્પ મુજબ સમાજના દરેક પરિવારને જન્મ દિવસની ઉજવણી પ્રસંગે મંદિરમાં આરતી સમયે સહપરિવાર



જોડાય તેવો સંકલ્પ કર્યો હતો જે અન્વયે શ્રી દુર્ગેશભાઇ ચૌહાણ તથા અ.સૌઉ ઉર્વીબેન ચાવડાના જન્મદિવસ નિમિત્તે બંને



પરિવાર તરફથી પ્રખ્યાત પ્રજ્ઞાચક્ષુ કથાકાર ડૉ. કૃણાલભાઇ જોશીનો સુંદરકાંડનું પઠન કર્યું હતું.

યજમાન પરિવાર તરફથી આરતી કરવામાં આવેલ હતી તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ હતું. કથાકારશ્રીને ઘટક દ્વારા પ્રતિકભેટ અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા ઘટક મંત્રી શ્રી દિપકભાઇ ચૌહાણ, શ્રી કિરણભાઇ ચૌહાણ, શ્રી શાંતિલાલ ચૌહાણ તથા યજમાન પરિવારનો સહયોગ મળેલ હતો. સંચાલન યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૨૪-૦૪-૨૦૨૬, શુક્રવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૬મો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૪૫ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઇ રસીકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકોએ લાભ લીધો હતો.

માધાપર ઘટક દ્વારા સંચાલિત સ્વ સહાય યોજનાની વાર્ષિક મીટીંગ ઘકટ પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૦૩-૦૫-૨૦૨૫, રવિવારના સાંજે ૬.૦૦ કલાકે માધાપર સમાજ ભવન મધ્યે યોજવામાં આવેલ હતી. કાર્યક્રમના પ્રારંભમાં સૌ મહેનાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી રામસ્તુતિનું સામુહિક પઠન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ માધાપર ઘટકના સહમંત્રી અને સ્વ સહાય યોજનાના સંચાલક શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા દ્વારા સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સ્વ સહાય યોજનાનો અહેવાલ રજુ કરેલ હતો. ત્યાર બાદ ઘટકના ખજાનચી શ્રી મનોજભાઇ જેન્તીલાલભાઇ ટાંક દ્વારા સ્વ સહાય યોજનાનો વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબોનું વાંચન કરવામાં આવેલ હતું. ટેકરીવાળા મહાદેવ મંદિરમાં કલરકામ ખર્ચના રૂા. ૧,૨૦,૦૦૦ના દાતાશ્રી અને સ્વ સહાય યોજનાની મીટીંગમાં આઇસ્ક્રીમના દાતાશ્રી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, અલ્પાહારના દાતા શ્રી કમલેશભાઇ મુરજીભાઇ પરમારનું માધાપર ઘટક દ્વારા સન્માન કરવામાં આવેલ હતું તેમજ માધાપર સમાજનું ગૌરવ જુનાવાસ માધાપર તાલુકા પંચાયત સીટ નં. ૧ના વિજયી ઉમેદવાર શ્રી ભરતભાઇ જેઠાલાલ રાઠોડનું માધાપર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણ માટે, નાના મોટા પ્રસંગ માટે સ્વ સહાય યોજના સભ્યો માટે મદદરૂપ બની છે. મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, સ્વ સહાય યોજનાના દરેક સભ્યોની લાગણી, નિષ્ઠાન અને સમાજ પ્રત્યેની ભાવનાનું પ્રતિક છે અને સ્વ સહાય યોજનાની સંચાલન સમિતિને સુચારૂ રીતે સંચાલન કરવા માટે શુભેચ્છા આપેલ હતી. પ્રાસંગીક પ્રવચન સોસાયટીના સ્થાપક શ્રી ચમનભાઇ માધવજીભાઇ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ સામજી ચૌહાણ, સ્વ સહાય યોજનાના પ્રભારી શ્રી કમલેશભાઇ મુરજીભાઇ પરમાર, માધાપર મહિલા મંડળના પ્રમુખ શ્રી તારાબેન રમેશભાઇ ટાંક અને માધાપર યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ જેઠાલાલ રાઠોડે આપેલ હતું. ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રી દ્વારા પ્રમુખ સ્થાનેથી ડીવીડન્ડની જાહેરાત કરવામાં આવેલ હતી અને સુચારૂ રીતે સ્વ સહાય યોજનાના નિયમોનું પાલન થાય અને સભ્યોનો સાથ-સહકાર મળતો રહ્યો છે ને આગળ પણ મળતો રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ હતો. ત્યાર બાદ સ્વ સહાય યોજનાના સભ્યો તરફથી પ્રતિભાવો અને સુજાવો લેવામાં આવેલ હતા.

આ પ્રસંગે માધાપર મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળના સભ્યો તથા સ્વ સહાય યોજનાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સ્વ સહાય યોજનાના પ્રભારી શ્રી કમલેશભાઇ મુરજીભાઇ પરમાર, ઘટક સહમંત્રી અને સ્વ સહાય યોજનાના સંચાલક શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા, શ્રી ચેતનભભાઇ ચમનભાઇ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી કિરણભાઇ શાંતિલાલ ચૌહાણ, શ્રી રાજેશભાઇ રસીકભાઇ ચાવડા તેમજ યુવા મંડળે



જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાએ કર્યું હતું.

માધાપર ઘટક દ્વારા શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો ૧૩મો પાટોત્સવ તા. ૦૪-૦૫-૨૦૨૬, સોમવારના રોજ ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવના મુખ્ય દાતા શ્રી બાબુભાઇ સામજીભાઇ ચૌહાણ પરિવાર રહેલ હતા. તેમના દ્વારા વહેલી સવારે કાશી વિશ્વનાથ મહાદેવની પૂજા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ શિવમહિમન પાઠ કરવામાં આવેલ હતો. ત્યાર બાદ સમાજ ભવન મધ્યે ઘટક વતી દાતા પરિવારશ્રીને શાલ ઓઢાડી, પાઘડી પહેરાવી અને મોમેન્ટો આપી મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, ઘટક પ્રમખુ શ્રી જયંતિલાલભાઇ વાઘેલા તેમજ ઘટકના કારોબારી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ મહિલા મંડળ અને દાતા પરિવારના વેવાઇ શ્રી મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ પરિવાર દ્વારા શાલ ઓઢાડી દાતા પરિવારશ્રીનું સન્માન કરવામાં આવેલ હતું. જેમાં મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, ઘટકના સલાહકાર શ્રી ચમનભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાં(, યુવા મંડળ પ્રમુખ શ્રી ભારત જેઠાલાલભાઇ રાઠોડ તથગા ઘટકના સભ્યો હાજર રહેલ હતા.

ત્યાર બાદ સમાજ ભવનથી શિવ મંદિર સુધી વાજતે-ગાજતે શોભાયાત્રા કરવામાં આવેલ હતી અને કાશી વિશ્વનાથને ભાગ ધરાવી મહાઆરતી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ ઘટકના સર્વે સભ્યોનું મહાપ્રસાદ આયોજન કરાયેલ હતું. જેમાં માધાપર ઘટકના ભોજન સમિતિના શ્રી ચેતનભાઇ ચમનભાઇ ચૌહાણ, શ્રી કિરણભાઇ શાંતિલાલ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ હીરજીભઇા ચૌહાણ, મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળે સેવા આપેલ હતી. પાટોત્સવના આયોજન માટે માધાપર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળે જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે ઘટકની વાર્ષિક ફી સ્વીકારવાનું કાર્ય ઘટકના ખજાનચી શ્રી મનોજભાઇ ટાંક, છોટાલાલ વરૂ, શ્રી કાન્તીભાઇ સોલંકી, શ્રી અમિતભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી ડોંગરેજી મહારાજ કૃત ભાગવતજી આપવામાં આવેલ હતી. સન્માન કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાએ કરેલ હતું.

## હાજાપર ઘટક

હાજાપર સમાજભવન અંદાજે ૭૦ લાખના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે, અનેક વિશિષ્ટતા ધરાવતું આ સમાજભવનમાં સર્વે દાતાશ્રીઓના સહકારથી ૫૦ લાખના ખર્ચે આર.સી.સી.



હાજાપર ઘટકનું સમાજભવન ધીમે પરંતુ મક્કમતાથી પ્રગતિ કરી રહ્યું છે. હાલ ગત મહિને ફ્લોરિંગ માટે કોટાસ્ટોન અને બારી દરવાજા માટેગ્રેનાઈટ પણ આવી ગયેલ છે. અનુભવી કોન્ટ્રાક્ટર મળતા સમાજભવનનું અંદરનું કાર્ય શરૂ કરવામાં આવશે. બાંધકામ અને પ્લાસ્ટરમાં કાર્ય થઈ ગયેલ છે. હાલ અંદરના કાર્ય માટે ફ્લોરિંગ, દિવાલટાઈલ્સ, પ્લમ્બિંગ, ઇલેક્ટ્રિક તથા અન્ય ખર્ચ માટે ૨૦ થી ૨૫ લાખની જરૂરિયાત છે. આ રૂબરૂ ''સંપર્ક





સેતુ'' ના નેજા હેઠળ હાલ નવીનભાઈ યાદવ - નાગપુર અને અમરાવતીના પ્રવાસે ગયેલ હતા. હાજાપરવાસીઓ નાગપુર અને અમરાવતી ઘટક મધ્યે લગભગ ૧૧ સંયુક્ત પરિવારજનો રહે છે. તેઓ સૌ સાથે મુલાકાત કરી, હાજાપર સમાજભવનની જરૂરિયાત સમજાવી રૂપિયા ૨.૫૦ લાખ થી વિશેષનું ફંડ પ્રાપ્ત થયેલ છે. સર્વે દાતાશ્રીઓનો હૃદય આભાર. આ પ્રવાસ દરમિયાન મૂળ હાજાપરના યુવા અને ઉદ્યોગી શ્રી પ્રિતેશભાઈ કાંતિલાલ ટાંકના નિવાસ સ્થાને તેમના સ્વાગત અને મહેમાનગતિથી અમે ઘણા પ્રભાવિત થયેલ હતા. હાલ તેમણે રૂ. ૫૧,૦૦૦ આપી, ભવિષ્યમાં વિદેશમાં રહેતા તેમના અન્ય બે ભાઈઓ દ્વારા હજુ વિશેષ આ સમાજભવનમાં મદદરૂપ થવા આશ્વાસન મળેલ છે. હાજાપરપ્રેમી શ્રી કિશોરભાઈ દામજી પરમાર તરફથી રૂ. ૫૧,૦૦૦ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત તેમના તરફથી બે દિવસ પોતાની ગાડી દ્વારા અલગ અલગ હાજાપરવાસીઓના ઘરે જઈને અમોને મદદરૂપ થયા તે બદલ તેમનો આભાર માનવામાં આવેલ. અમરાવતી ઘટકના અશોકભાઈ નરસીભાઈ ટાંક અને વર્તમાન પ્રમુખ શ્રી મનોજભાઈ મોહનલાલ ટાંકના ઘરે યાદગાર આતિથ્ય સન્માન માણી સ્વર્ગીય ભોજનનો સ્વાદ માણ્યો. ટાંક પરિવાર અમરાવતી તરફથી રૂ. ૫૧,૦૦૦ નું દાન આપી પોતાની ફરજ અદા કરેલ હતી. અમરાવતી ઘટકમાં સમાજકાર્ય માટે સદા અગ્રેસર શ્રી મનિષભાઈ વ્રજલાલભાઈ ટાંક તરફથી રૂ. ૫૦૦૦, વરૂ પરિવાર તરફથી શ્રીમતી કિરણબેન અમૃતલાલ વરૂ રૂ. ૫૦૦૦, શ્રીમતી ઇન્દુબેન જયંતિલાલ વરૂ રૂ. ૫૦૦૦, પ્રશાંત કાંતિલાલ વરૂ રૂ. ૫૦૦૦, જીતેન્દ્ર કાંતિલાલ વરૂ રૂ. ૫૦૦૦, અને ધીરજીલાલ દેવરામ વરૂ તરફથી રૂ. ૧૧૦૦ પ્રાપ્ત થયેલ છે. એક હાજાપરપ્રેમી તરફથી સમાજસેવે રૂ. ૧૧,૦૦૦ નું દાન આપેલ. વિશેષમાં અમરાવતી પ્રવાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય હાજાપરપ્રેમી પ્રશાંતભાઈ કાંતિલાલ વરૂ તરફથી આ ફંડ મેળવવામાં ખૂબ સહયોગ આપેલ હતો. નાગપુર કલમેશ્વર રહેતા અનિલભાઈ અને ઉપેન્દ્રભાઈએ પણ સમાજભવન માટે રૂ. ૨૧,૦૦૦ આપી ધન્યતા અનુભવી હતી. હિતેશભાઈ દેવજીભાઈ પરમાર રૂ. ૧૧,૦૦૦ અને સ્વ. કેશવજીભાઈ ભીમજી પરમારના પુત્રો નરેશભાઈ, દિલીપભાઈ અને લીલાધરભાઈ તરફથી રૂ. ૫૦૦૦ નું અનુદાન મળેલ છે. નાગપુર નિવાસી ઉમેશભાઈ દામજી પરમાર તરફથી રૂ. ૫૦૦૦ નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. નાગપુર પ્રવાસ દરમિયાન શ્રી ભાવીનભાઈ કપિલ ચૌહાણના આત્મીય પ્રેમ લાગણી હંમેશા યાદગાર રૂપે અંકિત રહેશે. હાજાપર ગામમાં મકાન, ખેતર, અને વાડી લેવા - વેચવા માટે ઉચિત માર્ગદર્શન માટે સંપર્ક કરો. ઘટક પ્રમુખ નવીનભાઈ યાદવ :- ૮૮૨૧૮ ૪૦૧૫૮, અને ઘટક ખજાનચી રાવજીભાઈ પરમાર :- ૯૦૧૬૩ ૨૪૨૫૦.

## ભુજ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજ ઘટક દ્વારા ખુબજ ઉત્સાહ અને આનંદમય વાતાવરણમાં 'સ્પોર્ટસ ડે-૨૦૨૬'નું આયોજન ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે કરવામાં આવેલ હતું.

પ્રારંભમાં ઘટક પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર સાથે મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ તથા ભુજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રીટાબેન





ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમાર, 'ઘટકરત્ન' શ્રી વ્રજલાલભાઇ સામજીભાઇ પરમાર, ભુજ ભવનના પ્રમુખ શ્રી દિપકભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઇ ટાંક, કચ્છ પ્રાદેશિક ટ્રસ્ટના મંત્રી શ્રી વેલજીભાઇ ચૌહાણ, અગ્રણી શ્રી વાસુદેવભાઇ પરમાર તથા ભુજ ઘટકના મંત્રી શ્રી વિજયભાઇ સોલંકીએ દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવને ખુલ્લો મુકેલ હતો. ત્યાર બાદ બાળકોથી માંડીને વરીષ્ઠ વડીલોને આનંદ આપે તેવી શ્લોક પગન, મ્યુઝિકલ ચેર, હારારોપણ, ગ્લાસ બેલેન્સ, સેલ્ફી સ્ટો, બોટલ રેસ, બુક બેલેન્સ અને તોલ મોલ કે બોલ જેવી મનોરંજક અને શારિરીક તથા માનસિક ક્ષમતામાં વધારો થાય તેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘટકના સમાજબાંધવો ઉપરાંત ભુજ વિદ્યાર્થી ભવનના છાત્રોએ ભાગ લીધો હતો. દરેક સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને પુરસ્કૃત કરવામાં આવેલ હતા.

આયોજનને સફળ બનાવવા માટે હોદ્દેદારોની સાથે શ્રી દેવેનભાઇ, શ્રી નૌતમભાઇ રાઠોડ, શ્રીમતી મીનાબેન ચૌહાણ, શ્રીમતી હસ્મિતાબેન પરમાર, શ્રીમતી માયાબેન ચૌહાણ, શ્રીમતી ભાનુબેન વેગડ, શ્રીમતી ચંદ્રીકાબેન ટાં(, શ્રીમતી ભાવિકાબેન વાઘેલા, શ્રીમતી રાખીબેન જેઠવા, કુ. કવિતા ટાંક, કુ. વિદીતા ટાંકએ સહયોગ આપેલ હતો. શ્રીમતી જ્યોતિબેન સોલંકી, શ્રીમતી નિર્મળાબેન પરમાર, શ્રીમતી હંસાબેન રાઠોડે હાજર રહી પ્રોત્સાહન આપેલ હતું. તમામ સ્પર્ધાઓનું ખુબજ રસપ્રદ સંચાલન કુ. ઝીલ ચૌહાણે કરેલ હતું. ત્યાર બાદ રાત્રી ભોજન લઇ સૌ છુટા પડ્યા હતા.

# ચૌહાણ પરિવાર - રેહાના દાદાના સ્થાનકે હોમ-હવન યોજાયો





ચૌહાણ પરિવાર - રેહાના શુરાપુરા દાદાના સ્થાનકે ગોઠી પરિવારોની ઉપસ્થિતિમાં હોમ-હવન અને પ્રસાદનું આયોજન કરવાની સાથે સારો વરસાદ થાય અને સર્વ જીવોની સુખાકારી માટે પ્રાર્થના કરીને વિશેષ આહુતિ આપવામાં આવી હતી. હવનવિધી આચાર્ય શ્રી જનક મહારાજ માધાપરવાળાએ કરાવી હતી. મુખ્ય યજમાન અને પ્રસાદના દાતા શ્રી વિનોદભાઇ પરસોત્તમભાઇ ચૌહાણ તથા શ્રી અશોકભાઇ ચૌહાણ દંપતિએ હવન વિધીમાં ભાગ લીધો હતો. ચૌહાણ પરિવારના ઉપપ્રમુખ શ્રી નવિનભાઇ ચૌહાણના હસ્તે યજમાન દંપતિનું સન્માન કરવામાં આવેલ હતું.

હવનવિધી બાદ બહેનો દ્વારા રાસગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મંત્રી શ્રી વિનોદભાઇ ચૌહાણે શુરાપુરા દાદાના ભવ્ય ઇતિહાસની જાણકારી આપી આવી મહાન વિભૂતિઓને પ્રસંગોપોત યાદ કરીને તેમનું સ્મરણ કરવા અનુરોધ કર્યો હતો. સુખ-દુઃખમાં ભાગીદાર બનવાની ઉમદા ભાવના સાથે પરિવારના એક યુવા ભાઇની તબીબી સારવારના મોટા ખર્ચને પહોંચી વળવા કરેલ અપીલ બાદ રૂા. ૮૦,૦૦૦ની તબીબી સહાય જરૂરતમંદને પહોંચાડવામાં આવી હતી. આ પ્રસંગે શુરાપુરા દાદાના સ્થાનકનો વિકાસ તથા જરૂરી હોય તેવી સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવાયો હતો. આયોજનની જવાબદારી સંભાળતા સેવક શ્રી શાંતિલાલભાઇ ઓધવજી ચૌહાણનું વિશેષ સન્માન કરાયેલ હતું. આયોજનને સફળ બનાવવા હોદ્દેદારો શ્રી બાબુભાઇ ચૌહાણ, શ્રી સોમનભાઇ ચૌહાણ, શ્રી ત્રંબકલાલ ચૌહાણ, શ્રી દિલિપભાઇ ચૌહાણ, શ્રી શાંતિલાલ ચૌહાણ, શ્રી ધરમશીભાઇ ચૌહાણ તથા પુજારીશ્રી ગોવર્ધનભાઇ ચૌહાણે જહેમત લીધી હતી.

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**

**નારી દર્પણ**

સંસ્કાર સેવા સમાનતા



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજ્યો સ્વાસ્થ્ય સેમિનાર



અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગતની સ્વાસ્થ્ય સમિતિ દ્વારા સ્ત્રીઓમાં ચિંત અને હતાશાદુર કરવા બાબતે માર્ગદર્શન આપતો ઓનલાઇન સેમીનાર ''સ્ત્રીઓમાં ચિંતા અને હતાશા''નું આયોજન તા. ૨૧-૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ હતું. જેના માર્ગદર્શિકાતા તરીકે ડૉ. જાનકી ચૌહાણ મહેતા (એમ.ડી. અલ્ટરનેટીવ મેડિસીન, યોગા શિરોમણી તથા સ્પોર્ટસ ન્યુટ્રિશ્યાનિસ્ટ)એ પોતાની સેવા આપેલ હતી. આ સેમીનારમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા સર્વે હોદ્દેદારો અને ભારતભરમાંથી મોટી સંખ્યામાં બહેનો જોડાયા હતા.

સેમીનારમાં ડૉ. જાનકીબેને બહેનોને લગતા શારિરીક અને માનસિક સ્વાસ્થ્યના જુદા જુદા વિષયો પર ખુબજ સરસ સમજુતિ આપેલ હતી. દરેક મહિલા પોતાના સ્વાસ્થ્યની સંભાળ લઇ, તનાવમુક્ત બની સ્વસ્થ રહી શકે અને ખુશી પણ મેળવી શકે એ બાબત ઉપર ખુબજ સુંદર શૈલીમાં સમજાવેલ હતું.

**સ્વાસ્થ્ય સમિતિના હોદ્દેદારો....**




પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સ્વાસ્થ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી નયનાબેન ચૌહાણ, મંત્રીઓ શ્રીમતી ચંદ્રીકાબેન યાદવ, શ્રીમતી પ્રતિમાબેન પરમાર, શ્રીમતી માયાબેન ચૌહાણ તથા શ્રીમતી તનુજાબેન રાઠોડે પુરતી વ્યવસ્થા સંભાળવા જહેમત લીધી હતી.

આ પ્રોજેક્ટમાં જોડાયેલ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાપ, સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ચેરપર્સન શ્રીમતી વેલુબેન ચાવડા, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, શ્રીમતી જ્યોતિબેન રાઠોડે ખુશી વ્યક્ત કરી પોતાની શુભેચ્છા પાઠવી હતી. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સેમીનારના માર્ગદર્શિકા તથા જોડનાર સૌ બહેનોનો આભાર માનેલ હતો.

– શ્રીમતી રીટાબેન વિનોદ ચૌહાણ – મહામંત્રી

## બાલાઘાટ મહિલા મંડળ

બાલાઘાટ મહિલા મંડળ દ્વારા તા. ૮ માર્ચ ૨૦૨૬ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપક્રમે ઓનલાઇન વિચાર ગોષ્ઠી પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય હતો 'નારી અસ્તિત્વનો આધાર'' ઘટકની સહુ આયુવર્ગની મહિલાઓએ આ પ્રતિયોગીતામાં સારી સંખ્યામાં સહભાગિતા લઇને વિડીયો બનાવીને પોતાના વિચારો રજુ કર્યા હતા.

''નારી તું સ્વરૂપ છો માં સરસ્વતીનો'', ''નારી તું સ્વરૂપ છો માં લક્ષ્મીનો'', ''નારી તું સ્વરૂપ છો માં દુર્ગાનો'', ''નારી તું સ્વરૂપ છો અન્નપુર્ણાનો'', ''નારી તું સ્વરૂપ છો મમતાનો'', ''નારી તું બન્ને કુળોને તારવા વાળી છો'', ''નારી તું મહાન છો.... નારી તું મહાન છો...''

આ પ્રતિયોગીતાના વિજેતા પ્રતિભાગીઓને પુરસ્કાર પણ આપવામાં આવેલ હતા. જેમાં પ્રથમ – શ્રીમતી કાજલબેન ચાવડા, શ્રીમતી નિશાબેન ટાંક, દ્વિતીય – શ્રીમતી ગાર્ગીબેન રાઠોડ તેમજ શ્રીમતી ચાહનાબેન રાઠોડ, શ્રીમતી શિખાબેન ચાવડા તેમજ કુમારી આધ્યા ચાવડા, તૃતિય – શ્રીમતી કંચનબેન વાઘેલા, શ્રીમતી કૃપીબેન જેઠવા, સાંત્વના – શ્રીમતી નમ્રતાબેન રાઠોડ, શ્રીમતી મેઘાબેન રાઠોડ, શ્રીમતી ભારતીબેન રાઠોડ, શ્રીમતી રેખાબેન ચૌહાણ, શ્રીમતી વંદનાબેન ટાંક. સહુએ આ કાર્યક્રમની પ્રશંસા કરતા ભવિષ્યમાં પણ આવા આયોજનો થતા રહે તેવો આગ્રહ વ્યક્ત કર્યો હતો.

બાલાઘાટ મહિલા મંડળ દ્વારા તા. ૧૮-૦૪-૨૦૨૬, શનિવારના જનરલ મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી પ્રભુ વંદના સાથે કરવામાં આવેલ. ત્યાર બાદ સહુ સદસ્યોએ હાઉસી રમત તેમજ અન્ય મનોરંજક રમતગમત રમાડવામાં આવેલ હતી. મહિલા મંડળ દ્વારા આગામી આયોજનોની રૂપરેખા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધિકમાસ માટે કોઇ ખાસ આયોજનો ઉપર ચર્ચા થઇ, સહુ ઉપસ્થિત સભ્યોએ પણ પોતાના સુઝાવો આપતા અધિકમાસમાં કાર્યક્રમો કરાવવા માટે રમામંદી આપેલ હતી. આંતરરાષ્ટ્રીય વુમન્સ ડેની ઉજવણી કરાવતા કાર્યક્રમોની વિવિધ



પ્રતિયોગીતાઓના વિજેતા પ્રતિભાગી સદસ્યાઓને સરસ મજાના પુરસ્કારો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ ઉપરાંત અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા.

## પુના મહિલા મંડળ

પુના મહિલા મંડળની માસિક સભાનું આયોજન, મહિલા મંડળના સલાહકાર, શ્રીમતી વર્ષાબેન ચૌહાણના નિવાસ્થાને કરવામાં આવ્યું હતું. હનુમાન ચાલીસા અને પ્રભુ ભજન સાથે સભાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ શ્રીમતી વર્ષાબેન ચૌહાણ દ્વારા, બહેનોને વિવિધ રમત રમાડી, અને વિજેતા બહેનોને ભેટ આપવામાં આવી. મધર્સ ડેના ઉપલક્ષ્યમાં શ્રીમતી લક્ષ્મીબેન ચૌહાણ અને શ્રીમતી દક્ષાબેન ચૌહાણએ 'માં' માટે સુંદર ગીત



પ્રસ્તુત કર્યા હતા. શ્રીમતી દિવ્યબાળાબેન ચાવડા નો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. છેવટે, ગરમાગરમ નાસ્તો અને આઇસ્ક્રીમનો સ્વાદ લઈ સર્વે બહેનોએ વિદાય લીધી હતી.

## આદિપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૨૦-૦૩-૨૦૨૬ના રોજ શ્રીમતી સાવિત્રીબેન ગીરધરભાઇ ટાંકના ઘરે કરેલ હતી. પ્રભુ પ્રાર્થના બાદ વેલકમ ડ્રીંક્સ પછી પ્રવાસના આયોજન બાબત ચર્ચા-વિચારણા કરેલ. ત્યાર બાદ એક મિનિટ ગેમ રમેલ. જેમાં પ્રથમ ચેતનાબેન ચૌહાણ, બીજા નંબરે કલ્પનાબેન વાઘેલા, સીમાબેન ચાવડા અને દિપીકાબેન ટાંકનો નંબર આવેલ. સાવિત્રીબેન તરફથી ઇનામ આપવામાં આવેલ તેમજ નેહાબેન અમિતભાઇ રાઠોડે મહિલા મંડળને આપેલ સેવા બદલ તેમનું મહિલા મંડળ વતી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ સૌ છુટા પડેલ.

મહિલા મંડળ, યુવા મંડળ અને ઘટક સંગઠીત શિવરાત્રીના દિવસે ભજનનો કાર્યક્રમ રાખેલ. ભજન મંડળીને બોલાવેલ.



ત્યાર બાદ મોસમીબેન રવિભાઇ ટાંકે સુંદર ભજન પ્રસ્તુત કરેલ. ત્યાર બાદ ગરબા રમેલ અને સાંજનું ફરાળનું ભોજન કરી બધા છુટા પડેલ.

મહિલા મંડળ દ્વારા ગિરનાર ધ્યાનયોગ શિબિરનું આયોજન કરેલ. જેમાં પણ સારી સંખ્યામાં ભાઇઓ અને બહેનોએ ભાગ લઇ પ્રોગ્રામને સફળ બનાવેલ. અખિલ ભારતીય મહિલા મંડળ દ્વારા યોજાયેલ નિબંધ સ્પર્ધામાં આદિપુર ઘટકના શિવાંગીબેન રજનીકાન્ત વાઘેલા તથા ગુંજનબેન આનંદ વાઘેલાને આશ્વાસન ઇનામ પ્રાપ્ત થયેલ હતું જેને સર્વેએ અભિનંદન પાઠવેલ.

## વર્ધા મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વર્ધા ઘટક મહિલા મંડળ દ્વારા તારીખ ૮/ ૩ /૨૬ રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને હોલી મિલનના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ આયોજન જેઠવા નિવાસમાં રાખવામાં આવેલ હતું. સર્વ પ્રથમ શ્રી ગણેશ વંદના કરી અને ત્યાર બાદ શ્રી હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવેલ. વર્ધા ઘટકમાં કાર્યરત મહિલાઓનું ભેટ આપીને સન્માન કરવામાં આવેલ. આ અવસરે અલ્પહારનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ત્યાર બાદ ફૂલોની



હોલીનો આનંદ લીધો મહિલા મંડળ પ્રમુખ અને મંત્રીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ બહેનોનો આભાર માન્યો હતો.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હૈદ્રાબાદ સિકંદરાબાદ મહિલા મંડળ તરફથી સત્યનારાયણ મંદિરમાં ૨૮-૦૨-૨૦૨૬ના દિવસે મીટિંગ રાખવામાં આવી હતી. જેમાં શિવરાત્રી, હોલીના ભજન સાથે ફૂલોની હોલી નું આયોજન હતું. અને કેક થી વિમેન્સ ડે નું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં શ્રીમતી લીલાબેન ચૌહાણ પોતાના અમૂલ્ય વિચાર વ્યક્ત કર્યા હતા, સાથે રમત ( ક્વિઝ અને તંબોલા) અલ્પાહાર



અને ઠંડાઈની વ્યસ્થા હતી અને સરપ્રાઈઝ ગિફ્ટ પણ રાખવામાં આવ્યું હતું અને આ આયોજન માં ૬૦ બહેનો ની ઉપસ્થિતિ હતી અને સુંદર પળ ને યાદગાર બનાવ્યું.

## બિલાસપુર મહિલા મંડળ



બિલાસપુર મહિલા મંડળની મીટીંગ તા૬ ૨૮-૦૨-૨૦૨૬ના રોજ બિલાસપુર ગુજરાતી સમાજમાં આયોજીત કરવામાં આવી હતી તથા તેમાં ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ તથા પૂર્વ પ્રમુખ શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણની ઉપસ્થિતિમાં શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઇ ચૌહાણને નવા મહિલા મંડળ પ્રમુખ સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તા. ૧૮-૦૪-૨૦૨૬ના રોજ નવા પ્રમુખ શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઇ ચૌહાણના નેતૃત્વમાં મહિલા મંડળની પ્રથમ મીટીંગ કરવામાં આવી હતી તથા નવા કમીટી મેમ્બર્સ બનાવવામાં આવ્યા હતા. મંત્રી સંગીતાબેન રાજેન્દ્રભાઇ સોલંકી, કોષાધ્યક્ષ શ્રીમતી હિમાનીબેન તુષારભાઇ ચૌહાણ, ચેરપર્સન શ્રીમતી મુક્તાબેન અંબાલાલભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રીમતી ભારતીબેન મુકેશભાઇ ચાવડા તથા શ્રીમતી રશ્મીબેન ભાવેશભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રીમતી પ્રીતિબેન હિતેશભાઇ ચૌહાણ તથા શ્રીમતી મમતાબેન રીશીભાઇ ચૌહાણ, સહકોષાધ્યક્ષ શ્રીમતી કીર્તીબેન લોકેશભાઇ ચૌહાણ બનાવવામાં આવ્યા હતા તથ આઠ બહેનોએ મહિલા મંડળની મેમ્બરશીપ લીધી હતી. જેમાં બે લક્કી કુપન નીકાળીને બે બહેનોને મેમ્બરશીપ ફીમાં છુટ આપવામાં આવી હતી. બધી બહેનોનું હલ્દી કુમકુમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન, અલ્પાહાર બાદ બહેનોના સહકારથી આ કાર્યક્રમ સફળ બનાવીને બધાએ વિદાય લીધી હતી.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતીનભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને મીટીંગ રાખવામાં આવેલ હતી.

સર્વ પ્રથમ 'ટાઇમપાસ' ગ્રુપની દરેક બહેનો દ્વારા ખુબ સુંદર પ્રસ્તુતિ અને વેલેન્ટાઇન ડેના અનુરૂપ ખુબ સરસ રીતે સેલ્ફલવ શું હોય તે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ટાઇમ પાસ ગ્રુપ દ્વારા ખુબ સરસ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં અલગ-અલગ પ્રાંતના પહેરવેશની સાથે બેથી ત્રણ મિનિટ તમે જે પ્રાંતનો કિરદાન નિભાવો છો તે વિશે બોલવાનું હતું. જેમાં ૧૭ જેટલી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને મમતાબેન ચાવડા, દ્વિતીય નયનાબેન ચૌહાણ અને તૃતિય વૈષ્ણવીબેન ચાવડા વિજયી થયા હતા. દરેક સ્પર્ધક બહેનો અને વિજેતાઓને પુરસ્કૃત કરી સન્માનિત કરાયા હતા. ત્યાર બાદ એક ગેમ પણ રમાડવામાં આવેલ. જેમાં પ્રથમ જલ્પાબેન પરમાર અને દ્વિતીય વિભાબેન ચૌહાણ વિજેતા રહેલ. તેઓને પણ પુરસ્કૃત કરવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ સર્વે છુટા પડ્યા હતા.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ

મુળ ગામ કુંભારીયા, હાલુ ભુજ નિવાસી આપણા સમાજના ખુબજ ખ્યાતિ પ્રાપ્ત સી.એ. અને શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી દયારામભાઇ લખમશીભાઇ વેગડ તરફથી તેમના ધર્મપત્ની અક્ષર નિવાસી મધુકાન્તાબેન દયારામભાઇ વેગડના સ્મરણાર્થે મંડળના વિદ્યાર્થી સહાયક ફંડમાં રૂા. ૫૦,૦૦૦નું દાન આપવામાં આવેલ છે. મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ તથા ભુજ ભવનના પ્રમુખ શ્રી દિપકભાઇ ચૌહાણે આ દાનનો ચેક સ્વીકારેલ હતો. તેમના સુપુત્ર ડૉ. કમલેશ વેગડ તથા સુપુત્રી જ્યોત્સનાબેન ચૌહાણ સાથે રહ્યા હતા.



મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી તથા મંત્રીઓ શ્રી અનિલભાઇ ચૌહાણ અને શ્રી રમેશભાઇ ચૌહાણે દાતાશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કરેલ હતો.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

## ગુજરાત પ્રા. યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ તેમજ મહિલા મહામંડળ અંતર્ગત કાર્યરત ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ સત્ર ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન ઘટક સંપર્કયાત્રાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું. આ આયોજન મહિલા મંડળ અને યુવા મંડળની સંયુક્ત સંકલનથી કરવામાં આવ્યું જેમાં અમદાવાદ, રાજકોટ અને સુરેન્દ્રનગર ખાતે પ્રેરણાદાયી અને સફળ મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અગાઉ પણ મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા પ્રાદેશિક અંતર્ગત આવતા ઓખા, મહુવા, હળવદ, જામનગર-સિક્કા ઘટકોનું મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર મુલાકાતનો મુખ્ય હેતુ સમાજના વિવિધ ઘટક યુવા મંડળ તેમજ મહિલા મંડળ વચ્ચે આત્મીયતા અને જોડાણ વધારવું, યુવાનો અને મહિલાઓને સમાજ ઉત્કર્ષ માટે સક્રિય બનાવવું, પરસ્પર વિચારો અને કાર્યપ્રવૃત્તિનું આદાન-પ્રદાન કરવું તેમજ આવનારા કાર્યક્રમો અને આયોજન માટે મજબૂત દિશા તૈયાર કરવી એ હતું. આ મુલાકાત દરમિયાન પ્રાદેશિક ટીમમાંથી પ્રમુખ નિલેશભાઈ સોલંકી, મહામંત્રી તુષારભાઈ ચાવડા, પ્રચાર પ્રસારમાંત્રી અજયભાઈ રાઠોડ, પ્રાદેશિક સંપર્ક સાથી યશ્વીન ચોહાણ તથા અન્ય કાર્યકર્તાઓ  જોડાયા હતા.

તા. ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરાથી પ્રમુખશ્રી નિલેશભાઈ સોલંકી સાથે મહિલા મંડળની ટીમ અમદાવાદ માટે રવાના થઈ હતી. અમદાવાદ યુવા મંડળ પ્રમુખ યશ્વીનભાઇ ચૌહાણના નિવાસસ્થાને મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે યુવા મંડળ, મહિલા મંડળ તેમજ ઘટકના પ્રમુખ અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના વિવિધ મુદ્દાઓ, સંગઠનશક્તિ, યુવાનોની ભાગીદારી તથા આવનારા કાર્યક્રમો અંગે ખૂબ જ રસપ્રદ ચર્ચાઓ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમ આત્મીયતા અને પરિવારભાવથી ભરપૂર રહ્યો હતો.

તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ વહેલી સવારે પ્રાદેશિક ટીમ રાજકોટ તરફ પ્રસ્થાન કરી હતી. રાજકોટ ખાતે સ્થાનિક યુવા મંડળ, મહિલા મંડળ તથા ઘટકની ટીમ દ્વારા ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં સમાજના વિકાસલક્ષી કાર્યો, સંગઠન અને ભાવિ આયોજન અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. પરેશભાઈ ચૌહાણ તથા સ્થાનિક ટીમ સાથે થયેલી મુલાકાત ખૂબ જ જ્ઞાનદાયી અને પ્રેરણાદાયી રહી હતી. સભ્યો વચ્ચે સહકારાત્મક વિચારોનું આદાનપ્રદાન થયું અને સમાજ માટે વધુ સક્રિય રીતે કાર્ય કરવાની પ્રેરણા મળી હતી.

રાજકોટ ખાતે ભોજન બાદ બપોરે અંદાજે ૨:૩૦ વાગ્યે ટીમ સુરેન્દ્રનગર તરફ પ્રસ્થાન કરી હતી. સાંજે લગભગ ૬:૦૦ વાગ્યે સુરેન્દ્રનગર પહોંચતા ત્યાંની યુવા મંડળ પ્રમુખ અજયભાઈ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગર ખાતે પણ યુવા મંડળ અને સમાજના સભ્યો સાથે ખૂબ જ આત્મીય વાતાવરણમાં ચર્ચાઓ યોજાઈ હતી. સમાજમાં એકતા, સહકાર અને સક્રિય ભાગીદારી દ્વારા વધુ મજબૂત સંગઠન કેવી રીતે ઊભું કરી શકાય તે અંગે માર્ગદર્શન અને વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

મુલાકાત દરમિયાન આવનારા દ્વારકા સગપણ સંમેલન અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌને સક્રિય સહભાગી બનવા પ્રેરણા આપવામાં આવી હતી. દરેક સ્થળે યુવા મંડળ, મહિલા મંડળ તથા સ્થાનિક સમાજના આગેવાનો અને સભ્યો દ્વારા પ્રાદેશિક ટીમનું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મળેલો પ્રેમ, સન્માન અને સહકાર બદલ સમગ્ર પ્રાદેશિક ટીમે સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર પ્રવાસ દ્વારા સમાજમાં અમે બધા એક છીએ એવી ભાવનાને વધુ મજબૂતી મળી છે. આ મુલાકાતોએ સમાજમાં સંગઠન, સંવાદ અને સહકારની ભાવનાને નવી ઊર્જા આપી છે. ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ અને યુવા મંડળની આ સંયુક્ત મુલાકાત ભવિષ્યમાં સમાજ ઉત્કર્ષ માટે વધુ મજબૂત સંકલ્પ સાથે આગળ વધવાની પ્રેરણા પૂરું પાડે છે.

# વડોદરા યુવા મંડળ

તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ આયોજીત કરવામાં આવેલ એ નોબેલ વર્ક અન્ડર હેલ્પીંગ હેન્ડ એક્ટીવીટી. જેમાં વડોદરા યુવા મંડળની પૂર્ણ કમીટીએ યશુ સેવા કેન્દ્ર જે કારોલિબાગ સ્થિત છે. ત્યાં જઇ અને ૧૦૦-૧૫૦ ગૌવંશને ઉનાળાની ગરમીમાં હુંફ મળે તેવા રસીલા ફળ અને શાકભાજી ખવડાવવામાં આવ્યા હતા.

તા. ૨૬-૦૪-૨૦૨૬ની સવારે યુવા મંડળના કમીટી મેમ્બરો વહેલી સવારે એ.પી.એમ.સી. માર્કેટ જઇને ૩૫૦-૪૦૦ કિલો ફળ અને શાકભાજી લાવ્યા હતા, જેમાં તરબુચ, કાકડી, દુધી, સક્કરટેટી, કેળા અને કદુ જેવા ફળ અને શાકભાજી જે ઉનાળાની ગરમીમાં ગૌવંશને ઠંડક પૂરી પાડે એમ હતા. ત્યાર બાદ તે ફળ અને શાકભાજીને તેમના ગુણતત્વ સ્થાને લાવીને રાખવામાં આવ્યા અને તેને કાપી અને ગૌવંશ માટે સરસથી પૌસ્ટીક ચારા સાથે સજાવામાં આવ્યા હતા. આમ, સુંદર રીતે ગૌવંશના આશીર્વાદથી વડોદરા યુવા મંડળની નવી કમીટીએ તેમનો પ્રથમ કાર્યક્રમની અને નવા વર્ષની શુભ શરૂઆત કરી હતી.

આ નાનકડી સહાયથી ગાયોના ચહેરા પર દેખાતી ખુશી અને સંતોષની લાગણી જોઇને તમામ સભ્યોને આનંદની અનુભૂતિ થઇ. આ સેવા કાર્ય દ્વારા સમાજ પ્રત્યેની જવાબદારી વધુ મજબૂત બની અને ભવિષ્યમાં પણ આવા ઉમદા કાર્યો કરતા રહેવાનો સંકલ્પ કરવામાં આવ્યો.

તા. ૦૩-૦૫-૨૦૨૬ના રોજ સાંજના ૫.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન યુવા મંડળ દ્વારા એક અનોખા અને સ્મરણીય ટેક્સચર આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં રંગ માત્ર કાગળ પર નહીં, મનમાં પણ ઉઘડ્યા. આ વર્કશોપનું સુકાન સંભાળ્યું આદ. કૃષ્ણા મિસ્ત્રી મેડમએ જેમના કુશળ હાથ



અને ઉંડા અનુભવે ૬૦ સહભાગીઓને માત્ર કળા શીખવી નહીં પણ 'સ્પર્શ'ની ભાષા સમજાવી.

સૌ પ્રથમ સહભાગીઓએ પેન્સિલ વડે ભાવ ઉતાર્યા કોરા કાગળ પર વિચારોની રૂપરેખા દોરી, ત્યાર બાદ તેના પર ખાસ પેસ્ટનો થર ચડાવ્યો, જે સુકાઇ ગયા બાદ માત્ર સ્તર નહીં, મજબૂત ઉભાર બની ગઇ અને અંતે રંગોએ આ ઉભાર પર ઘર કર્યું.

વર્કશોપની શરૂઆત સુંદર પ્રભુ પ્રાર્થના અને આપણા વડીલોને વંદન કરીને કરવામાં આવી હતી. જેમાં ફોરમબેન ખુબ સુંદર રીતે ટેક્સચર આર્ટની માહિતી પણ આપી હતી.

કુલ ૬૦ ઉત્સાહી સહભાગીઓ આ વર્કશોપ સાથે જોડાયા, અને પ્રત્યેકે પોતાની ટેક્સચર આર્ટ કૃતિ સ્વ હસ્તે સર્જી. વર્કશોપ અંતે યુવા મંડળ દ્વારા ફીડબેક લેવામાં આવ્યો હતો અને પ્રતિભાવ એકદમ સ્પષ્ટ હતા. અંતે ભાગ લેનાર સૌને સર્ટીફીકિટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહાર અને આઇસ્ક્રીમની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

વડોદરા યુવા મંડળની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૨-૦૪-૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે વડોદરા સમાજ ભવન ખાતે સફળતાપૂર્વક યોજાઇ હતી. જેમાં વડોદરા યુવા મંડળની કમીટી સલાહકાર સભ્યો તથા પૂર્વ યુવા મંડળ સભ્યો એમ ૩૦થી વધુ યુવા ભાઇ-બહેનો હાજર





રહ્યા હતા. મીટીંગની શરૂઆત યુવા મંડળના પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય અને યુવા મંડળ કમીટી બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ ગત વર્ષ દરમિયાન દુઃખદ અવસાન પામેલ યુવા સભ્યો તેમજ સમાજબંધુઓને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

યુવા મંડળના મંત્રી શ્રી ભવ્ય અશોકચંદ્ર પરમાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ખજાનચી શ્રી કૃપાબેન સોલંકી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા જેને તમામ સભ્યો દ્વારા સર્વસંમતિથી બહાલી આપવામાં આવી હતી.

ત્યાર બાદ શૈક્ષણિક મંત્રી શ્રી દિશાબેન રાઠોડ, સાંસ્કૃતિક મંત્રી શ્રી કુંજલબેન રાઠોડ અન રમત-ગમત મંત્રી શ્રી કૌશલભાઇ ચાવડા દ્વારા પોતાના ક્ષેત્રનો અહેવાલ ખુબજ સુંદર રીતે રજુ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે યુવા મંડળમાં નવા જોડાયેલા સભ્યો દ્વારા પોતાનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો હતો. જેમાં તેમણે પોતાની ઓળખ, રસના ક્ષેત્રો અને યુવા મંડળ સાથે જોડાવાની ભાવના વ્યક્ત કરી હતી. ત્યાર બાદ યુવા મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હિતેશભાઇ ચૌહાણ, પૂર્વ મંત્રી શ્રી પુજનભાઇ રાઠોડ તેમજ સલાહકાર સભ્યો શ્રીમતી દિપાલીબેન વાઘેલા અને હેતલબેન



ચાવડા દ્વારા યુવા ભાઇઓ-બહેનોને સમાજ સાથે જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને યુવા મંડળ કમિટીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

યુવા મંડળ પ્રમુખ શ્રી હર્ષ દિલીપભાઇ ટાંક દ્વારા સમાજના યુવાઓને પ્રેરણા આપે તેવું પ્રાસંગીક ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું તથા યુવા મંડળ યુવા ભાઇ-બહેનો માટે કાર્ય કરતા રહેવા તેના માટે કમિટીને પ્રેરિત કર્યા હતા. અંતમાં યુવા મંડળના મંત્રી શ્રી ભવ્યભાઇ પરમાર દ્વારા યુવા મંડળના તમામ સભ્યો તેમજ સલાહકાર સભ્યોને વર્ષ દરમિયાન યુવા મંડળ માટે કરેલા કાર્ય તેમજ સહાલ બદલ તેઓને પુષ્પ આપીને બિરદાવેલ હતા. સમુહ રાષ્ટ્રગાન સાથે સભાનું સમાપન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સૌ હળવો નાસ્તો લઇ કાર્યક્રમ પૂર્ણ કરેલ.

## મુંબઇ યુવા મંડળ

ચાલો ગુજરાતી શીખીએ - માતૃભાષા સાથેનું એક સુંદર જોડાણ. માતૃભાષા કોઈપણ વ્યક્તિની ઓળખ અને સંસ્કૃતિનો આધારસ્તંભ હોય છે. ગુજરાતી ભાષા માત્ર એક ભાષા નથી, પરંતુ આપણા સંસ્કાર, પરંપરા અને લાગણીઓનું પ્રતિબિંબ છે. આજના સમયમાં ગુજરાત બહાર રહેતા બાળકો માટે ગુજરાતી શીખવાની તક ખૂબ મર્યાદિત બની ગઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યુવા મંડળ મુંબઈ દ્વારા એક સુંદર પહેલ હાથ ધરવામાં આવી છે - ''ચાલો ગુજરાતી શીખીએ.''

આ પહેલ અંતર્ગત એપ્રિલ મહિનામાં દર શનિવાર અને રવિવારે ઓનલાઈન ગુજરાતી શીખવાની ક્લાસીસનું આયોજન કરવામાં આવ્યું છે, જે સમાજના તમામ સભ્યો માટે ખુલ્લું અને સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોને તેમની માતૃભાષા સાથે જોડવાનો અને વાંચન, લેખન તથા બોલવાની કળામાં નિષ્ણાત બનાવવાનો છે.

આ પહેલનું શુભ પ્રારંભ એક ગૌરવમય કાર્યક્રમ સાથે કરવામાં આવ્યું, જેમાં સમાજના અનેક આગેવાનોની ઉપસ્થિતિ રહી. મહાસભા પ્રમુખ અને સમાજ રત્ન માનનીય વિનોદભાઈ સોલંકીએ પોતાના આશીર્વચન સાથે આ પહેલની પ્રશંસા કરી.

મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણએ માતૃભાષાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો અને આ પ્રયત્નને બિરદાવ્યો હતો.

તે ઉપરાંત, અખિલ ભારતીય યુવા મંડળ પ્રમુખ ગૌરવભાઈ ટાંકએ આ પહેલને પોતાનું સમર્થન આપ્યું. આ કાર્યક્રમમાં પ્રદેશિક પ્રમુખ જયેન્દ્રભાઈ રાઠોડ, મહિલા મંડળ પ્રદેશિક પ્રમુખ હસ્મિતાબેન ચૌહાણ, મુંબઈ ઘટક પ્રમુખ શ્રી હીરાલાલભાઈ ખોડિયાર તેમજ મુલુંડ મહિલા મંડળ પ્રમુખ નીતાબેનની ઉપસ્થિતિથી કાર્યક્રમને વિશેષ શોભા મળી. આ સમગ્ર પહેલને સફળ બનાવવા માટે શ્રીમતી જ્યોતિબેન અરૂણભાઈ રાઠોડનો વિશેષ યોગદાન છે, જેઓ આ ક્લાસીસનું માર્ગદર્શન આપી રહ્યા છે. તેમની અનુભૂતિ અને શિક્ષણ પ્રત્યેની લાગણી બાળકો માટે ખૂબ જ પ્રેરણાદાયી સાબિત થશે. આ પહેલને સમાજ તરફથી ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે અને ૧૨૫થી વધુ સભ્યો આ કાર્યક્રમ સાથે જોડાયા છે. આથી સ્પષ્ટ થાય છે કે માતૃભાષા પ્રત્યેનો લગાવ હજુ પણ જીવંત છે. અંતમાં, આ પહેલ માત્ર ભાષા શીખવાની નથી, પરંતુ પોતાની સંસ્કૃતિ અને ઓળખ સાથે ફરીથી જોડાવાનો એક પ્રયાસ છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા નવી પેઢીને પોતાની જડ સાથે જોડવાનું કાર્ય સરાહનીય છે.

## રાયપુર યુવા મંડળ

રાયપુરમાં યોજાએલ એ.આઇ. ટ્રેનિંગ વર્કશોપ દ્વારા યુવાનોને ડિજિટલ યુગ તરફ પ્રેરણા મળી હતી. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવક મંડળ, રાયપુર દ્વારા દ ડિજિટલ જંકશનના સહયોગથી ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ વિમતારા, ન્યુ શાંતિ નગર, રાયપુર આંગણે એક મહત્વપૂર્ણ એ.આઇ. ટ્રેનિંગ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એ.આઇ.) વિશે જ્ઞાન આપવામાં આવ્યું હતું. જેથી તેઓ પોતાના પ્રોફેશન અને વ્યવસાયમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકે.

આ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકોને ૧૫થી વધુ એ.આઇ. ટૂલ્સ વિશે વિસ્તારપૂર્વક એવમ પ્રેક્ટિકલ રૂપે માહિતિ આપવામાં આવી હતી. ભાગ લેનારોએ એ.આઇ.નો ઉપયોગ કરીને પોતાના કામને વધુ સરસ અને અસરકારક બનાવવાની પદ્ધતિઓ શીખી હતી.

આ વર્કશોપમાં શ્રી પંકજ સોલંકી (કો-ફાઉન્ડર - દ ડિજિટલ જંકશન) અને શ્રી મોહિત સાહુ (ડાયરેક્ટર - બ્લુબનિયાન ટેકનોલોજી) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બંને પોતાના અનુભવોના આધારે એ.આઇ.ના વિવિધ ઉપયોગો, ડિજિટલ માર્કેટિંગ અને નવી ટેક્નોલોજી વિશે સરસ અને અસરકારક રીતે સમજાવ્યું હતું. તેમના માર્ગદર્શનથી ભાગ લેનારોએ પ્રેક્ટિકલ જ્ઞાન સાથે નવી દિશા પ્રાપ્ત કરી.

આ પ્રકારના કાર્યક્રમો દ્વારા યુવાનોમાં નવી ટેક્નોલોજી તરફ ઝુકાવ વધે છે અને તેઓ આત્મનિર્ભર બનવા આગળ વધે છે. એ.આઇ. જેવી આધુનિક તકનીકો શીખવાથી વિદ્યાર્થીઓને રોજગારની નવી તકો મળે છે તેમજ વ્યાવસાયિકોને તેમના વ્યવસાયમાં વૃદ્ધિ કરવાની તક મળે છે. આ પહેલ દ્વારા સમાજમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું મહત્વ વધ્યું છે, જે સમગ્ર ગુજરાતી સમાજ માટે ગૌરવની વાત છે. આ એ.આઇ. ટ્રેનિંગ વર્કશોપ માત્ર એક શૈક્ષણિક કાર્યક્રમ ન હતું, પરંતુ યુવાનો માટે એક નવી દિશા દર્શાવતો મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે. આજના ડિજિટલ યુગમાં એ.આઇ. શીખવું અનિવાર્ય બની ગયું છે અને આવા પ્રયત્નો દ્વારા સમાજના યુવાનોને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવા માટે પ્રેરણા મળે છે. નવી ટેક્નોલોજી અપનાવો, આગળ વધો અને સફળતા પ્રાપ્ત કરો - આ સંદેશ સાથે આ કાર્યક્રમનું સફળ સમાપન થયું હતું.


તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા

SEBI પ્રમાણિત

યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય

માટે રોકાણ હેતુ

કૃપયા અમારો સંપર્ક કરો...



અમિત ગોપાલ ચૌહાણ

AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર

ARN - 290170

અંજાર (કચ્છ)

:: Contact ::

8401482462, 8866933113

## અનંતની યાત્રાએ...

ઉજ્જૈન (ચંદિયા) નિવાસી શ્રી જયહિન્દભાઇ ત્રિકમજીભાઇ ચાવડા (ઉ.વ.૭૪) (પ્રમુખશ્રી ઉજ્જૈન ઘટક)નું તા. ૦૫-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

મુંબઇ (દેવળીયા) નિવાસી શ્રી ભાવેશભાઇ મગનભાઇ ચાવડા (ઉ.વ.૫૩)નું તા. ૧૪-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. લક્ષ્મીબેન પ્રફુલભાઇ વાઢેર (ઉ.વ.૬૫)નું તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

ગળપાદર (અંજાર) નિવાસી ગં.સ્વ. માયાબેન ભવાનભાઇ ખોડિયાર (ઉ.વ.૬૩)નું તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી દયારામભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયારનું તા. ૦૧-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી રેખાબેન પ્રદિપભાઇ ટાંક (ઉ.વ.૬૫)નું તા. ૦૬-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (ખંભરા) નિવાસી શ્રી રમેશભાઇ ધારશીભાઇ સોલંકી (ઉ.વ.૭૨)નું તા. ૦૮-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (ચંદિયા) નિવાસી શ્રીમતી પ્રિતીબેન વિનોદભાઇ ચાવડા (ઉ.વ.૫૫)નું તા. ૧૭-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી રમણીકભાઇ જગમાલભાઇ જેઠવા (ઉ.વ.૭૨)નું તા. ૧૮-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુમ્હારી (દેવળીયા) નિવાસી શ્રી હરિલાલભાઇ ગોકુળભાઇ ચાવડા (ઉ.વ.૮૯)નું તા. ૦૬-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (રેહા) નિવાસી શ્રી નિલેશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ (ઉ.વ.૫૦)નું તા. ૦૨-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કેંજોરગઢ (દેવળીયા) નિવાસી શ્રી પરસોત્તમભાઇ કાનજીભાઇ ટાંક (ઉ.વ. ૮૫)નું તા. ૧૩-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કલ્યાણ (ખંભરા) નિવાસી શ્રીમતી રંજનબેન પ્રાગજીભાઇ રાઠોડ (ઉ.વ. ૭૪)નું તા. ૨૨-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

## એક નારીની સ્વયં કથા

આજે વરસતા વરસાદના ઊંડા સ્વરો માં,
શોધતી સ્વયં ને ....
ઉભી વિચારોમાં ડુબી, સોચતી રહી,
કે હું શાંત પ્રવાહ કેમ બની ખરી?

કેટલું મુક્યું પાછળ, એ હિસાબ જોડતી,
વર્ષાની બુંદો જેટલો
શોર કરતો બાળપણ અને મનચલી જવાની છોડતી..
સમયની ધારામાં વહતી વહતી
હું વિપુલ પ્રવાહ બની ખરી.

જીવનની ધારામાં હું,
અનેક જંગલો અને ડુંગરો થી ટકરાતી, વહતી ગઈ..
અનેક અનુભવો અને સ્મૃતિયોને મનમાં સંજોતી,
દરેક રંગનો આનંદ ઉપાડતી,
હું વિપુલ પ્રવાહ બની ખરી.

વહતી ગઈ, અવિરલ!
અનેક સુખ-દુઃખના થપેડા અંદર સમાવતી,
સાથે ચાલતા લોકો ને પ્રેમ અને સ્નેહ બાટતી,
તેમના સુખ-દુઃખમાં ભાગ પાડતી,
હું વિપુલ પ્રવાહ બની ખરી.

બસ, હવે સમાઈ જાઉં કાળા મેઘાના આગોશમાં,
વરાળ બની ઉડી ભરૂં આકાશમાં
અને પછે વરી વરસુ હું વરસાદ બની
મનચલી શોર કરતી આવાજમાં....

– અંકિતા ભૂપેશ ચાવડા – પૂને




KIA
Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma
in-store | online | mobile
India's leading Consumer Durables and Electronics (CDE) retailer

**Rathod Chambers**
Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



# AR. CHANDNI TANK

## Education / Occupation :

**Education** : Bachelor of Architecture (IDEAS College, Nagpur)
: Master in Interior Design (CEPT, Ahmedabad)

**Occupation** : Practicing Architect and Interior Designer

## Personal Details :

Date of Birth : 5th October 1998

Time of Birth : 1.03 pm

Place of Birth : Bilaspur (CG)

Height : 5 Feet

## Resi. Address :

**Address** : 303, Kalptaru Apartments,
Lakadganj,
Nagpur - 440008 (MH)

**Contact** : **9823056677 (Father)**
**9545756677 (Mother)**

**E-mail** : **chandnitank24@gmail.com**

## Family Details :

**Grand Father** : Lt. Purshottambhai Tank

**Grand Mother** : Lt. Vasantben P. Tank

**Father** : Mr. Mahendra P. Tank

**Mother** : Mrs. Ammi M. Tank

**Gotra** : Saunak

**Native Place** : Madhapar

**Kuldevi** : Shir Brahmani Maa

**Brother** : Pourav M. Tank

**Sister in Law** : Mrs. Harsha P. Tank (Gondia)

**Nana** : Lt. Chandrakant C. Chawda (Bilaspur)

**Nani** : Kokilaben C. Chawda

**Mama** : Mr. Chirag C. Chawda (Pune)



## Hasmita Chawda

Date of Birth : 31 January 1999
Place of Birth : Rourkela
Time of Birth : 6:50 am
Height : 5'2"
Gotra : Kashyap
Education : MBA
Profession : Hotel Management
Kuldevi : Maa Shree Brahmani Maa
**Father : Somnath Chawda**
Occupation : Businessman
**Mother : Mrs. Ila Chawda** (Housewife)
**Sibling : Bhawika Chawda**
Pursuing CA
**Mosad : Arun Parmar**
At. Palboni, Baripada, Odisha
Resi. Adrs. : Naveen Nivas, Babulal Colony,
Hotel Nilkanth,
Keonjhar (Odisha) 758001
**Contact No. : 7008616990 (Father)**
**7809861304 (Mother)**

**"Simple, cultured and family oriented"**



## Jatin Chauhan (Aman)

Date of Birth : 4 December 1997
Time of Birth : 6:15 am
Place of Birth : Rourkela
Kuldevi : Shri Chamunda Maa
Native Place : Devariya
Gotra : Vatsya
Height : 5 Ft. 6 in.
Education : B.Sc.
Job : P.O. Punjab National Bank
**Father : Suryakant Chauhan**
Occupation : Business
**Mother : Deena Chauhan**
**Grand Father : Lt. Vishram Jairam Chauhan**
**Grand Mother : Lt. Godavariben Chauhan**
**Sister (Elder) : Chanchal Sagar Taank**
**Contact No. : 9304852125 (Father)**
**7667316757 (Mother)**
Address : Chauhan Enterprises,
Lohardaga Road,
Po. Gumla (Jharkhand)

॥ જય સિયારામ ॥

# સત્તરમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી

(પી.ડી. સોલંકી) ફાઉન્ડર : શ્રીરામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

જન્મ તા. ૧૭-૭-૧૯૨૬, સ્વર્ગવાસ તા. ૩-૬-૨૦૧૦

**કર્મયોગી થઈ કુટુંબ સમાજમાં સતત ઝઝુમ્યા આપ, સેવાની સુવાસ મુકીને સીંચ્યા અમ સંસ્કાર...**

### સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ સોલંકી - પત્ની

| | | |
|---|---|---|
| સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | : | પુત્ર |
| ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ ચૌહાણ | : | પુત્રી |
| મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી | : | પૌત્ર |
| દિપ્તીબેન દિપકકુમાર રાઠોડ | : | પૌત્રી |
| આરતીબેન નિરવકુમાર ચાવડા | : | પૌત્રી |
| મૈત્રીબેન સુમિતકુમાર ખોડિયાર | : | પૌત્રી |
| જયદીપભાઈ મનોજભાઈ સોલંકી | : | પૌત્ર |
| જયમિતભાઈ મનોજભાઈ સોલંકી | : | પૌત્ર |
| ઉત્સવકુમાર મહેતા | : | જમાઈ |
| જાનકીબેન ઉત્સવકુમાર મહેતા | : | દોહિત્રી |
| માહી દિપકકુમાર રાઠોડ | : | પરપૌત્રી |
| નિષ્કા નિરવકુમાર ચાવડા | : | પરપૌત્રી |
| વિહાની મોહિતભાઈ સોલંકી | : | પરપૌત્રી |
| અહલ્યા જયમિતભાઈ સોલંકી | : | પરપૌત્રી |

| | | |
|---|---|---|
| ગં.સ્વ. જ્યોતિબેન મહેશભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| નીતાબેન વિનોદભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| ઈન્દીરાબેન મનોજભાઈ સોલંકી | : | પુત્રવધુ |
| સ્વ. રમેશભાઈ ભવાનભાઈ ચૌહાણ | : | જમાઈ |
| ઋતુબેન મોહિતભાઈ સોલંકી | : | પૌત્રવધુ |
| દિપકકુમાર રશ્મીકાન્ત રાઠોડ | : | જમાઈ |
| નિરવકુમાર બંસીલાલભાઈ ચાવડા | : | જમાઈ |
| સુમિતકુમાર અનિલભાઈ ખોડિયાર | : | જમાઈ |
| નંદિનીબેન જયદિપભાઈ સોલંકી | : | પૌત્રવધુ |
| ઈશ્વરીબેન જયમિતભાઈ સોલંકી | : | પૌત્રવધુ |
| કુશાગ્રકુમાર નરેશભાઈ કપાસી | : | જમાઈ |
| રિદ્ધિ કુશાગ્રકુમાર કપાસી | : | દોહિત્રી |
| હિતેશ કુશાગ્રકુમાર કપાસી | : | પરદોહિત્ર |
| ધ્યેય મોહિતભાઈ સોલંકી | : | પરપૌત્ર |
| ક્રિદય સુમિતકુમાર ખોડિયાર | : | પરદોહિત્ર |

## શ્રીરામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર (કચ્છ)

# નવમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



જન્મ
૦૧/૦૧/૧૯૩૦

સ્વર્ગવાસ
30/0૬/૨૦૧૭

## સ્વ. દેવકુંવરબેન દયારામભાઈ પઢિઆર

મુળ ગામ : અંજાર (કચ્છ) હાલ : ઉમરગાંમ (ગુજરાત)

આપની મીઠી અમીદ્રષ્ટી પરિવાર પર સદાય વરસતી રહે છે. આપના સિદ્ધાંતો અને આદર્શો સદાય આપની યાદ અપાવતા રહે છે અને અમે પણ એજ પથ પર ચાલી આપની પ્રણાલીને અનુસરીએ છીએ. અમારા જીવનમાં સતત નવચેતનાનું સિંચન કરતાં આપના ઉપકારોને કોટી-કોટી વંદન કરીએ છીએ... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| નરેન્દ્ર દયારામ પઢિઆર | પુત્ર | સ્વ. ગિરધરલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| ભાવના નરેન્દ્ર પઢિઆર | પુત્રવધુ | શ્રી નંદલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| દિનેશ દયારામ પઢિઆર | પુત્ર | શ્રી ઘનશ્યામ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | દિયર |
| લતા દિનેશ પઢિઆર | પુત્રવધુ | સ્વ. હંસા મનહર ચૌહાણ | દિકરી-જમાઈ |
| કનક દયારામ પઢિઆર | પુત્રી | દમયંતી રમેશ ચૌહાણ | દિકરી-જમાઈ |
| પૂજા મ્રિદુલ ચૌહાણ | પૌત્રી-જમાઈ | ભાવના દેવેશ ટાંક | દિકરી-જમાઈ |
| રક્ષીના શીવેન શ્રીવાસ્તવ | પૌત્રી-જમાઈ | અર્પિતા અર્જુન ચૌહાણ | દોહીત્ર વધુ - દોહીત્ર |
| દિશા જીગર શાહ | પૌત્રી-જમાઈ | પલ્લવી સુર્યકાન્ત રાઠોડ | દોહીત્રી-જમાઈ |
| ખ્યાતી દિનેશ પઢિઆર | પૌત્રી | મેઘા ઘનશ્યામ ચૌહાણ | દોહીત્ર વધુ - દોહીત્ર |
| અનુષ્કા દિનેશ પઢિઆર | પૌત્રી | અપેક્ષા નકુલ ટાંક | દોહીત્ર વધુ - દોહીત્ર |
| | | ગં.સ્વ. તિલોતમાબેન વસંતભાઈ ટાંક | ભાભી |

## સમસ્ત પઢિઆર પરિવાર

નિવાસ સ્થાન :
'પ્રેમવિલા'
પ્લોટ નં. ૪૦૬, જી.આઈ.ડી.સી. કોલોની,
ઉમરગાંવ, જી. વલસાડ (ગુજ.)

:: Firm ::
Grindbeck Unit I & II
Gujarat Cork & Rubber Pvt. Ltd.
Agglo Cork Pvt. Ltd. Umergaon
Puja Insulation - Baroda

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. અ.સૌ. રંજનબેન પ્રાગજીભાઈ રાઠોડ

જન્મ : ૦૧-૦૬-૧૯૫૨

સ્વ. તા. ૨૨-૦૪-૨૦૨૬, વૈશાખ સુદ છઠ્ઠ

દેશમાં ગામ : ખંભરા, હાલ મુકામ : કલ્યાણ

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥

સ્નેહ જેની ઓળખ હતી, સહનશીલતા જેની શક્તિ હતી, ધર્મ જેનું જીવન હતું, સેવા જેનો સ્વભાવ હતો, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરિવાર માટે જીવન સમર્પિત હતું એવી પુણ્ય આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ અને શ્રદ્ધાસુમન...ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| પ્રાગજીભાઈ દેવશીભાઈ રાઠોડ | પતિ |
| અશ્વિનભાઈ પ્રાગજીભાઈ રાઠોડ | પુત્ર |
| મીનલબેન અશ્વિનભાઈ રાઠોડ | પુત્રવધુ |
| સોનલબેન પ્રવિણભાઈ વરૂ | પુત્રી |
| પ્રવિણભાઈ નરસિંહભાઈ વરૂ | જમાઈ |
| જીયા અશ્વિનભાઈ રાઠોડ | પૌત્રી |


**સમસ્ત દેવશીભાઈ રણછોડભાઈ રાઠોડ પરિવાર**

**સ્વ. કેશવજીભાઈ ધનજીભાઈ પઢિઆર પરિવાર**

**જયશ્રી કૃષ્ણ**

# ॥ હાર્દિક અભિનંદન ॥

**હાજાપર - નાગલપર સમાજનું ગૌરવ**



## શ્રીયા મુકેશભાઈ વરૂ

**ધો. ૧૦ (૯૬.૩૪%) ૯૯.૭૨ પર્સન્ટાઈલ**

કુમારી શ્રીયા મુકેશભાઈ વરૂએ શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યા મંદિર, મોટી નાગલપરથી ધોરણ ૧૦માં ૯૬.૩૪% અને ૯૯.૭૨ પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવી હાજાપર તથા નાગલપર ઘટક અને વરૂ પરિવારનું નામ રોશન કરેલ છે તે બદલ તેમને ખુબ ખુબ અભિનંદન... અભ્યાસ ક્ષેત્રે ઉતરોત્તર પ્રગતિ કરતા રહો એવી હાર્દિક શુભકામના...

**:: શુભેચ્છક ::**

**શ્રીમતી પ્રતિમાબેન તથા શ્રી કિશોરભાઈ વરૂ (દાદી-દાદા)**

ગામ : હાજાપર

**શ્રીમતી જયશ્રીબેન તથા શ્રી મુકેશભાઈ વરૂ (માતા-પિતા)**

ગામ : મોટી નાગલપર

**વૈદેહી મુકેશભાઈ વરૂ (બહેન)**

(અભ્યાસ : રાજકોટ હોમિયોપેથી કોલેજ બી.એચ.એમ.એસ.)

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. જયહિન્દભાઈ ત્રિકમજીભાઈ ચાવડા

જન્મ તા. ૦૨-૦૬-૧૯૫૨ સ્વ. તા. ૦૫-૦૪-૨૦૨૬

મુળ ગામ : ચંદીયા, હાલ મુકામ : ઉજ્જૈન (મ.પ્ર.)

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ અને પ્યાર જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી, તમારી આપેલ સેવા, અમૂલ્ય સંસ્કારો, અમારા માટે સદાકૃત સંકલ્પ રહેશે. પરમ પિતા પરમેશ્વર આપની દિવ્ય આત્માને શાંતિ અને સદ્ગતિ પ્રદાન કરે એજ પ્રાર્થના..

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. વિદ્યાબેન જયહિન્દભાઈ ચાવડા | પત્ની |
| હિતેશભાઈ જયહિન્દભાઈ ચાવડા | પુત્ર |
| મનિષાબેન હિતેશભાઈ ચાવડા | પુત્રવધુ |
| સ્વસ્તિકા હિતેશભાઈ ચાવડા | પૌત્રી |
| જિજ્ઞાસા-ભાવેશભાઈ ચૌહાણ | દીકરી-જમાઈ |
| નીલુ-ઉમેશભાઈ ચૌહાણ | દીકરી-જમાઈ |

**સમસ્ત ચાવડા એવં ચૌહાણ પરિવાર**

## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms





## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com


## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES

## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम ***मितेष जे. खोडियार*** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा ✓ स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना ✓ बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना ✓ पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा ✓ करोड़पति योजना ✓ विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE
LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — Personal & Caring — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho
Subscribe to my YouTube

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે




**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**


Lighten Up Your Life...
Anil Khodiyar
+91 98252 36151
Sumeet Khodiyar
+91 98791 95121
Jigar Khodiyar
+91 98794 04009
Khodiyar Group
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System
Electrical Contractors | Consultants | Engineers
Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels
Authorised Importer
TENSE
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.
LS ELECTRIC
APFC PANEL
Authorised Distributor
C&S electric
RR KĀBEL
Schneider Electric
socomec
Innovative Power Solutions
atandra
measure. protect. conserve
KRYKARD
Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com
www.urjaengg.com


Helping India
Invent the future
BRAHMOS
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on June-2026


|| જય સીયારામ ||



# ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. 30/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ-કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.